### આંતરરાષ્ટ્રીય મહિલા દિન

* સેવા ઇન્દોરે આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે ૮ મી માર્ચે માલવા મિલ પાસેના મ્યુ. હોલમાં એક સભા યોજી હતી. જેમાં બીડીકામદાર મહિલાઓ તથા બીજા સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં, મુખ્ય અતિથિ તરીકે 'ચોથા સંસાર'ના તંત્રી અને સાહિત્યકાર શ્રી પ્રભાકર માન્છે હતા. 'સેવા' અમદાવાદના મંત્રી શ્રી રેનાના ઝાબવાલા તથા સેવા ભોપાલના મંત્રી શ્રી રૂકમની ભાર્ગવે સક્રિય ભાગ લીધો હતો. 'સેવા' ઇન્દોરનાં અધ્યક્ષ શ્રી ગોરાબાઈ અને મંત્રી શ્રી મનોરમા જોશીએ સભામાં સ્વાગત તેમ જ આભારદર્શન કર્યું હતું.

આ સભામાં સ્વાશ્રયી શ્રમજીવી બેનોએ બીડી-કામદારનું લઘુતમ વેતન હાલ રૂ. ૧૦/૫૦ છે તેમાં વધારો કરવા, કોન્ટ્રાક્ટ સીસ્ટમ બંધ કરવા તેમ જ બેનોની સામાજિક સલામતી માટે મધ્યપ્રદેશની સરકાર પાસે માગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો.